# કોંગ્રેસના સમારોહમાં ૨૦૨૭માં ભાવનગરથી પરિવર્તન લાવવા હાકલ

## વિપક્ષ નેતા બુધેલીયાના સન્માન સમારોહમાં કાર્યકરોને જોમ પૂરતા પ્રદેશ આગેવાનો; પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા અને શક્તિસિંહ ગોહિલે ભાજપ સરકાર પર પ્રહારો કર્યા





તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૨૮

ભાવનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા સતત ૯ ટર્મથી વિજેતા બનેલા કોર્પોરેટર ભરત બુધેલીયાની મહાનગરપાલિકામાં વિરોધ પક્ષના નેતા તરીકે પુનઃ નિમણૂક થતાં શિવશક્તિ હોલ ખાતે રવિવારે એક વિશેષ સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા અને પૂર્વ સાંસદ શક્તિસિંહ ગોહિલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમને સંબોધતા ગુજરાત કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે ભરત બુધેલીયા સતત ૯ ટર્મથી ચૂંટાઈને માત્ર ચૂંટણી જ નથી જીત્યા પરંતુ લોકોના દિલ પણ જીત્યા છે. તેમણે શિક્ષણના વ્યાપારીકરણ, મોંઘવારી, બેરોજગારી, પેપર લીક તેમજ ડાયમંડ, સિરામિક અને ખેડૂતોની આર્થિક મુશ્કેલીઓ મુદ્દે સરકારની નીતિઓની ટીકા કરી હતી. રાજ્યમાં દારૂ-ડ્રગ્સના દૂષણ અને લઠ્ઠાકાંડ અંગે ગંભીર આરોપો લગાવતા તેમણે જણાવ્યું કે કાગળ પર દારૂબંધી હોવા છતાં 'ઉડતા ગુજરાત' જેવી સ્થિતિ સર્જાઈ છે. તેમણે કાર્યકરોને ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીમાં પરિવર્તનની શરૂઆત ભાવનગરથી કરવા કટિબદ્ધ થવા હાકલ કરી હતી.

પૂર્વ સાંસદ શક્તિસિંહ ગોહિલે ભાવનગરની જનતાનો આભાર માનતા કહ્યું કે તમામ હથકંડાઓ છતાં મતદારોએ કોંગ્રેસના ૮ કોર્પોરેટરોને ચૂંટીને કાયદેસરનું વિરોધ પક્ષનું સ્થાન અપાવ્યું છે. તેમણે ઉમેર્યું કે ભાવનગરમાં આલ્કોક એશડાઉન બંધ થઈ ગયું છે અને પ્લાસ્ટિક ઉદ્યોગ ભાંગી પડતાં લોકો રોજીરોટી માટે સુરત તરફ પલાયન કરી રહ્યા છે. ભાજપે મિલની જમીનમાં 'જેમ્સ એન્ડ જ્વેલરી પાર્ક' બનાવવાની જાહેરાત કરી હતી, પરંતુ ત્યાં હજુ સુધી એક ઈંટ પણ મુકાઈ નથી. આ સન્માન સમારોહમાં શહેર પ્રમુખ લાલભા ગોહિલ, જિલ્લા પ્રમુખ પ્રવીણ રાઠોડ, કોર્પોરેટર જયદીપસિંહ ગોહિલ, શિક્ષણ સમિતિના સદસ્ય પ્રકાશ વાઘાણી, પૂર્વ કોર્પોરેટર રહીમ કુરેશી, કાંતીભાઈ ગોહિલ, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ સંજયસિંહ, પૂર્વ ધારાસભ્ય કનુભાઈ બારૈયા, અગ્રણી રામદેવસિંહ ઝાલા, કરશનભાઈ વેગડ, ભીખાભાઈ ઝાઝડિયા સહિતના આગેવાનો, યુવા પાંખ, મહિલા મોરચો અને મોટી સંખ્યામાં કોંગ્રેસ કાર્યકરો હાજર રહ્યા હતા.

# 'GEN Z' યુવા લોક દરબાર ; એસપી અને એએસપીએ યુથ સાથે સાધ્યો સંવાદ







ભાવનગર,તા.૨૮

યુવા પેઢીમાં કાયદાકીય જાગૃતિ વધારવા અને પોલીસ તથા પ્રજા વચ્ચેનો સંપર્ક વધુ સુદ્રઢ બનાવવાના આશયથી ભાવનગર જિલ્લા પોલીસ દ્વારા 'GEN Z' લોક સંવાદ (લોક દરબાર) કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્ર વી. અસારી અને પોલીસ અધિક્ષક નિતેશ પાંડેના માર્ગદર્શન હેઠળ પોલીસ અધિક્ષક કચેરી ખાતે આ વિશેષ સંવાદ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં સરદાર પટેલ કોલેજ અને જ્ઞાનમંજરી કોલેજના ૭૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સંવાદ દરમિયાન SP નિતેશ પાંડે અને મદદનીશ પોલીસ અધિક્ષક ઘનશ્યામ ગૌતમે વિદ્યાર્થીઓ સાથે ખુલ્લા મનથી ચર્ચા કરી હતી.

SP નિતેશ પાંડે અને ASP ઘનશ્યામ ગૌતમે વિદ્યાર્થીઓને સાયબર ફ્રોડથી બચવા અને કોઈપણ નાણાકીય ઠગાઈના કિસ્સામાં તુરંત સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર સંપર્ક કરવા અપીલ કરી હતી. સાથોસાથ ટ્રાફિક નિયમોનું પાલન કરવા અને નશાકારક પદાર્થોથી દૂર રહેવા પ્રેરણા આપી હતી.

સરદાર પટેલ સ્કૂલના CEO જીગ્નેશભાઈ ગાબાણી, આચાર્યો અને પ્રોફેસરોએ આ આયોજન બદલ પોલીસ તંત્રનો આભાર માન્યો હતો. ભાવનગર પોલીસે ભવિષ્યમાં પણ ''સંવાદથી સહભાગીતા અને સહભાગીતાથી સુરક્ષિત સમાજ''ના ધ્યેય સાથે આવા કાર્યક્રમો યોજવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

### યુવાનોના પ્રશ્નો અને પોલીસનું માર્ગદર્શન

**સિંગલ વિન્ડો સિસ્ટમ:** ઈવેન્ટ મેનેજમેન્ટ માટે વિવિધ સરકારી વિભાગોની મંજૂરીઓ સરળતાથી મળી રહે તે માટે સિંગલ વિન્ડો સોફ્ટવેર બનાવવાની રજૂઆત કરી.

**સાયબર સિક્યોરિટી અને AI:** સાયબર બુલીંગથી બચવાના ઉપાયો તેમજ AI જનરેટેડ (ડીપફેક) વિડીયોની સત્યતા ચકાસવા અંગે પ્રશ્નો પૂછ્યા.

**મીડિયા કન્ટેન્ટ:** વેબ સિરીઝ અને મુવીઝમાં દર્શાવાતી નકારાત્મક બાબતો અને સાયબર ફ્રોડ શીખવતી સામગ્રી પર પ્રતિબંધ લાવવા અંગે ચર્ચા થઈ.

## સાયબર ક્રાઈમ, ડિજિટલ સેફ્ટી અને ટ્રાફિક શિસ્ત અંગે યુવાનો સાથે સીધો અને મુક્ત સંવાદ યોજાયો

# ટ્રેનમાં ભુલાયેલું લેપટોપ પરત કરી TTEએ ઈમાનદારી દાખવી



ભાવનગર,તા.૨૮

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળમાં મુસાફર સેવા અને ઈમાનદારીનું ઉત્તમ ઉદાહરણ સામે આવ્યું છે. ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ રાજકોટથી જૂનાગઢ મુસાફરી કરી રહેલા એક યાત્રી જૂનાગઢ સ્ટેશને ઉતરતી વખતે ટ્રેન નંબર ૧૯૧૧૯ની સીટ નંબર C-1/55 પર પોતાની બેગ ભૂલી ગયા હતા.

બેગ છૂટી ગયાની જાણ થતાં મુસાફરે તુરંત વેરાવળના TTE રામજીવન કુમારનો સંપર્ક કર્યો હતો. રામજીવન કુમારે તત્પરતા દાખવી બેગ સુરક્ષિત રાખી લીધી હતી. બેગમાં ૬૦,૦૦૦નું ડેલ લેપટોપ, ૨,૫૦૦ રોકડ અને ક્રેડિટ કાર્ડ સહિત મહત્વપૂર્ણ સામાન હતો. મુસાફરની આઈડી અને ટિકિટની ચકાસણી કરીને સામાન પરત સોંપવામાં આવ્યો હતો. આ નિષ્ઠાપૂર્વકના કાર્ય બદલ વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલ કુમાર ત્રિપાઠી અને મંડળ રેલ પ્રબંધક દિનેશ વર્માએ TTE રામજીવન કુમારની સરાહના કરી હતી અને મુસાફરે પશ્ચિમ રેલવેનો આભાર વ્યક્ત કર્યો હતો.

## ભાવનગર મંડળમાં ટીટીઈ રામજીવન કુમારે ૬૦,૦૦૦ના લેપટોપ અને રોકડ ભરેલી બેગ પરત કરી

# ભાવનગરમાં ફોટોગ્રાફર પ્રિયાબા જાડેજાના ફોટો પ્રદર્શન 'કચ્છના રંગો'

## યુવરાજ જયવીરરાજસિંહજી ગોહિલના હસ્તે ૩૦મીએ થશે ઉદ્ઘાટન

ભાવનગર,તા.૨૬

ભાવનગરના જાણીતા ફોટોગ્રાફર પ્રિયાબા જાડેજા દ્વારા તૈયાર કરાયેલ વિશેષ ફોટો પ્રદર્શન 'કચ્છના રંગો'નું આયોજન શહેરની ખોડીદાસ પરમાર આર્ટ ગેલેરી ખાતે કરવામાં આવ્યું છે. ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમીની નાણાકીય સહાયથી યોજાઈ રહેલા આ પ્રદર્શનમાં કચ્છના પરંપરાગત પોશાક અને સંસ્કૃતિને ખાસ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

આ પ્રદર્શનનું ભવ્ય ઉદ્ઘાટન તારીખ ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સાંજે ૫:૦૦ કલાકે ભાવનગરના યુવરાજ સાહેબ જયવીરરાજસિંહજી ગોહિલના હસ્તે કરવામાં આવશે. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે તમન્ના જાલોડીયા (નાયબ કલેક્ટર, ભાવનગર ગ્રામ્ય),



નેહલ ગઢવી (મોટિવેશનલ સ્પીકર), મનીષ ઠાકર (DySP, IB ભાવનગર) અને અમુલ પરમાર (ગૌરવ પુરસ્કૃત જાણીતા ફોટોગ્રાફર) વિશેષ ઉપસ્થિત રહેશે.

આ ફોટો પ્રદર્શન તારીખ ૩૦ સપ્ટેમ્બર તેમજ ૧ અને ૨ ઓક્ટોબર દરમિયાન સવારે ૧૦:૦૦ થી રાત્રે ૮:૦૦ વાગ્યા સુધી કલાપ્રેમીઓ અને મુલાકાતીઓ માટે ખુલ્લું રહેશે.

# માછીમારોની જાળમાંથી પુરુષની નિર્વસ્ત્ર લાશ મળતા ચકચાર

## મૃતદેહ પીએમ અર્થે ખસેડી ઓળખ મેળવવા તજવીજ

ભાવનગર,તા.૨૮

તળાજા તાલુકાના સરતાનપર બંદર નજીક દરિયામાં માછીમારોએ બાંધેલી જાળમાં એક અંદાજે ૪૦ વર્ષીય અજાણ્યા પુરુષની નિર્વસ્ત્ર લાશ મળી આવતાં ચકચાર મચી ગઈ છે. બપોરના અરસામાં માછીમારોના ધ્યાને આવતાં સાગર રક્ષક દળના જવાનોએ લાશને દરિયામાંથી બહાર કાઢી હતી. અલંગ મરીન પોલીસે મૃતદેહનો કબજો મેળવી ભાવનગર સર ટી હોસ્પિટલ ખાતે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો છે. મૃતકના જમણા હાથની કલાઈ પર 'જય શ્રી' લખેલું મળી આવ્યું છે. પીઠ પર જોવા મળેલા લાલ નિશાન દરિયાના પથ્થરો વાગવાથી થયા હોવાનું પ્રાથમિક અનુમાન છે. પોલીસે તમામ મરીન પોલીસ સ્ટેશનોમાં મેસેજ બ્રોડકાસ્ટ કરી મૃતકની ઓળખ મેળવવા તજવીજ હાથ ધરી છે.

# ખેડૂતવાસમાં જુગાર રમતા ૩ ઝડપાયા




ભાવનગર,તા.૨૮

ભાવનગર એલ.સી.બી. પોલીસે સીટી વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે ખેડુતવાસ, મેલડીમાની ધાર, રામાપીરના મંદિર પાછળ ખુલ્લી જગ્યામાં દરોડો પાડ્યો હતો. ત્યાં ગંજીપત્તા વડે હાથકાંપનો જુગાર રમી રહેલા ત્રણ ઈસમો— સુનીલ ઉર્ફે ઢેરી અરવિંદભાઈ મેર, ગૌતમ નાનજીભાઈ બોરીચા અને વિજયભાઈ રાજેશભાઈ મકવાણાને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. જ્યારે કે કેટલાક ઈસમો નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. પોલીસે ઘટનાસ્થળેથી ગંજીપત્તા તેમજ રોકડા રૂ.૧૧,૯૦૦ મળી કુલ રૂ.૧૧,૯૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પકડાયેલા અને નાસી છૂટેલા તમામ આરોપીઓ વિરૂદ્ધ ઘોઘા રોડ પોલીસ સ્ટેશનમાં જુગારધારા હેઠળ ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# તળાજા ડેપો ખાતે ડ્રાઈવર- કંડક્ટરો માટે સુરક્ષા અને માર્ગદર્શન કેમ્પ યોજાયો



સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત તળાજા ડેપો ખાતે ડેપો મેનેજર કુ. પ્રજ્ઞાબેન વ્યાસના અધ્યક્ષસ્થાને વિશેષ માર્ગદર્શન કેમ્પ યોજાયો હતો. આ કાર્યક્રમમાં તળાજા પોલીસ ઇન્સ્પેક્ટર વનરાજસિંહ ચાવડા, આસિસ્ટન્ટ ટ્રાફિક ઇન્સ્પેક્ટર યુવરાજ સિંહ ગોહિલ તથા માલાભાઈ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. પી.આઈ. વનરાજસિંહ ચાવડાએ અકસ્માત નિવારણ અને ડ્રાઈવર-કંડક્ટર પર થતા હુમલાઓ સમયે પોલીસની મદદ કઈ રીતે લેવી તે અંગે ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ કેમ્પમાં એસ.ટી. કર્મચારીઓ, ડ્રાઈવર-કંડક્ટર અને વર્કશોપ સ્ટાફે મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ટ્રાફિક ઇન્સ્પેક્ટર કૌશિકભાઇ ઉપાધ્યાય દ્વારા કરવામાં આવ્યું હતું.

# શાંતિલાલ શાહ એન્જિનિયરિંગ કૉલેજના છાત્રોએ ગિફ્ટ સિટી અને વાસણા બેરેજની કરી મુલાકાત

## આધુનિક સ્માર્ટ સિટી, ભૂગર્ભ યુટિલિટી ટનલ, કેનાલ સાઈફન અને પ્રાચીન જળસંચય પ્રણાલીનો પ્રત્યક્ષ અભ્યાસ કરાયો




ભાવનગર,તા.૨૮

શાંતિલાલ શાહ એન્જિનિયરિંગ કૉલેજના સિવિલ એન્જિનિયરિંગ વિભાગ દ્વારા ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ વિદ્યાર્થીઓ માટે ગિફ્ટ સિટી, અડાલજની વાવ, કરાઈ કેનાલ સાઈફન અને વાસણા બેરેજની શૈક્ષણિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્ગખંડના સૈદ્ધાંતિક જ્ઞાનને વાસ્તવિક ઈજનેરી રચનાઓ સાથે જોડવાના આશયથી યોજાયેલી આ મુલાકાતમાં પ્રોફેસર એન. પી. સોની, પ્રોફેસર એન. ડી. આચાર્ય અને પ્રોફેસર એમ. એચ. રાઠોડે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

ગિફ્ટ સિટી ખાતે વિદ્યાર્થીઓએ સક્શન ટેકનોલોજી આધારિત સ્વચાલિત વેસ્ટ મેનેજમેન્ટ પ્લાન્ટ વિશે માર્ગદર્શક સચિન પટેલ પાસેથી માહિતી મેળવી હતી. આ ઉપરાંત જમીનથી ૧૦ મીટર ઊંડાઈએ આવેલી ૧૬ કિલોમીટર લાંબી ભૂગર્ભ યુટિલિટી ટનલની મુલાકાત લઈ પીવાનું પાણી, ડ્રેનેજ અને કચરા વ્યવસ્થાપનની લાઈનો અંગે માર્ગદર્શક દિગ્વિજય પટેલ પાસેથી વ્યવહારુ સમજ મેળવી હતી. જનરલ મેનેજર અંકુર પટેલે ઊંચી ઈમારતોમાં વપરાતી સેલ્ફ-ક્યોરિંગ કોંક્રિટ અને સ્માર્ટ બિલ્ડિંગ મેનેજમેન્ટ સિસ્ટમ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

વિદ્યાર્થીઓએ અડાલજની વાવની મુલાકાત લઈ પ્રાચીન જળસંચય પદ્ધતિ અને સ્થાપત્યકલાનો અભ્યાસ કર્યો હતો. તદુપરાંત કરાઈ કેનાલ સાઈફન અને વાસણા બેરેજ ખાતે પાણીના વહન, નિયંત્રણ, વિતરણ અને સિંચાઈ ક્ષેત્રે સિવિલ એન્જિનિયરિંગની ભૂમિકા વિશે પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતું.

# ભાવનગર રેડક્રોસના સેક્રેટરી સ્વિટ્ઝરલેન્ડમાં ઈન્ટરનેશનલ રેડક્રોસ હેડક્વાર્ટરની મુલાકાતે

ભાવનગર,તા.૨૮

ભાવનગર રેડક્રોસ સોસાયટીના સેક્રેટરી વર્ષાબેન લાલાણીએ સ્વિટ્ઝરલેન્ડના જીનીવા ખાતે આવેલા ઈન્ટરનેશનલ રેડક્રોસ હેડક્વાર્ટરની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે નેશનલ સોસાયટી ડેવલપમેન્ટ (IFRC)ના ડાયરેક્ટર ભૂપેન્દ્ર તોમર સાથે એક કલાક જેટલી શુભેચ્છા બેઠક યોજી વિવિધ પ્રોજેક્ટ અને સેવાઓ અંગે ચર્ચા કરી હતી.

બેઠક દરમિયાન બંને પક્ષે એક્ટિવિટી રિપોર્ટની આપ-લે કરવામાં આવી હતી અને ભાવનગર રેડક્રોસ તરફથી સ્મૃતિચિહ્ન અર્પણ કરાયું હતું. ભૂપેન્દ્ર તોમરે ભાવનગર બ્રાન્ચની કામગીરીને બિરદાવી



હતી તેમજ વિડીયો કોલ મારફતે વાઈસ ચેરમેન સુમિત ઠક્કર સાથે વાતચીત કરીને પ્રવૃત્તિઓની સરાહના કરી હતી. તેમને ભાવનગર આવવાનું ભાવભર્યું નિમંત્રણ પણ પાઠવવામાં આવ્યું હતું. આ પ્રસંગે વર્ષાબેન લાલાણી સાથે તેમના પુત્ર હાર્દિક લાલાણી અને પુત્રવધૂ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## ડાયરેક્ટર ભૂપેન્દ્ર તોમર સાથે બેઠક યોજી ભાવનગર રેડક્રોસની પ્રવૃત્તિઓની માહિતી આપી; ભારત આવવાનું નિમંત્રણ પાઠવ્યું

# કોળિયાકના દરિયાકિનારે 'સ્વચ્છ પ્રવાસન સ્થળ' સંદેશ સાથે વ્યાપક સફાઈ અભિયાન

## કેરેસિલ કંપનીની CSR પ્રવૃત્તિ અંતર્ગત સરકારી વિભાગો અને સ્થાનિકોના સહયોગથી પ્લાસ્ટિક અને મૂર્તિઓનો યોગ્ય નિકાલ કરાયો



ભાવનગર,તથા.૨૮

વિશ્વ પર્યાવરણ દિવસ અને 'સ્વચ્છ પ્રવાસન સ્થળ'ના સંદેશને સાર્થક કરવાના હેતુથી ભાવનગર તાલુકાના કોળિયાક ગામે ધાવડી માતાના મંદિરથી નિષ્કલંક મહાદેવ મંદિર સુધીના ૧.૫ કિ.મી. લાંબા દરિયાકિનારે સફાઈ અભિયાન યોજાયું હતું.

કેરેસિલ કંપની દ્વારા ઝજીઇ પ્રવૃત્તિ અંતર્ગત તાલુકા પંચાયત કચેરી, વળાવળ કન્યા શાળા, પ્રાથમિક શાળા નવાગામ, ગ્રામ પંચાયત કોળિયાક, સ્વચ્છ ભારત મિશન, ઈઠ્ઠ સ્ટાફ તેમજ વન વિભાગના સંયુક્ત સહયોગથી આ આયોજન કરવામાં આવ્યું હતું. અભિયાન દરમિયાન દરિયાકિનારેથી પ્લાસ્ટિક સહિતનો કચરો એકત્ર કરી ટ્રેક્ટર મારફતે નિકાલ કરાયો હતો. આ ઉપરાંત ગણપતિ વિસર્જન દરમિયાન દરિયાકિનારે આવેલી ખંડિત મૂર્તિઓનો ધાર્મિક વિધિ અને વૈજ્ઞાનિક પદ્ધતિથી યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો.

સૌએ ધાર્મિક અને પ્રવાસન સ્થળોને સ્વચ્છ રાખવા તથા પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવા અપીલ કરી હતી. આ કામગીરીમાં વિસ્તરણ અધિકારી વિપુલકુમાર પંડયા, જગતપ્રકાશ જાની, ટેક્નિકલ આસિસ્ટન્ટ હરપાલસિંહ ગોહિલ, ક્લસ્ટર કો-ઓર્ડિનેટર આર.આર. વાળા, કોળિયાકના સરપંચ જગદીશભાઈ સોલંકી, તલાટી કમ મંત્રી કે.જી. વાઘેલા, ફોરેસ્ટર આર.એલ. સરવૈયા, વનરક્ષક ક્રિષ્ના કે. પંડયા અને કેરેસિલ કંપનીનો સ્ટાફ ઉત્સાહભેર જોડાયો હતો.

સૌરાષ્ટ્ર આસપાસ

Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

# કુંભારવાડામાં જૂની અદાવતમાં સીસીટીવી કેમેરાની તોડફોડ કરનાર સામે ફરિયાદ

## જૂનું મકાન ખાલી કરાવ્યાની દાઝ રાખી પથ્થરમારો કરી રૂપિયા ૫ હજારનું નુકસાન પહોંચાડ્યું

ભાવનગર,તા.૨૮

નારી રોડ પર આવેલી એસ.બી.આઈ. બેંક બાજુમાં કસ્ટમર સર્વિસ સેન્ટર ચલાવતા અને સ્નેહ મિલન સોસાયટીમાં રહેતા શાહીદભાઈ યુનુસભાઈ કુરેશીની ઓફિસ બહાર લગાવેલા સીસીટીવી કેમેરા તૂટેલી હાલતમાં જોવા મળ્યા હતા. કેમેરાના ફૂટેજ તપાસતા માલૂમ પડ્યું હતું કે, ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૬ની રાત્રે કુંભારવાડા નદી વિસ્તારમાં રહેતા મહમદ ઈકબાલ મધરા નામના શખ્સે છૂટા પથ્થરો અને ઈંટોના ઘા કરી સીસીટીવી તોડી નાખ્યા હતા.

આશરે ત્રણ-ચાર વર્ષ પહેલાં શાહીદભાઈના જૂના જર્જરિત મકાનમાં મહમદ ઈકબાલ પરિવાર સાથે રહેતો હતો. મહાનગરપાલિકા દ્વારા આ મકાન ખાલી કરાવવામાં આવ્યું હતું, જેની દાઝ રાખીને આરોપીએ રૂ. ૪,૦૦૦થી ૫,૦૦૦નું નુકસાન પહોંચાડ્યું હતું. આ મામલે બોરતળાવ પોલીસે મહમદ ઈકબાલ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### યુનિવર્સિટીના પૂર્વ વાઇસ ચાન્સેલર પ્રો. (ડૉ.) પરિમલ ત્રિવેદીએ વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું

# ભારતે પણ ટેકનોલોજી અને નવીનતા ક્ષેત્રે પોતાની મજબૂત ભૂમિકા સ્થાપિત કરવી પડશે

## સરદાર પટેલ એજ્યુકેશનલ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા "AI ના સંદર્ભમાં બદલાતું વિશ્વ અને ભારતની ભૂમિકા" પર વિશેષ વક્તવ્ય યોજાયું





ભાવનગર,તા.૨૮

સરદાર પટેલ સેવા ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશનલ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા કોલેજના વિદ્યાર્થીઓ માટે 'કેરિયર ગાઈડન્સ અને મોટિવેશનલ સેશન'નું વિશિષ્ટ આયોજન કરવામાં આવ્યું હતું. એમ. કે. ભાવનગર યુનિવર્સિટીના અટલ ઓડિટોરિયમ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં "AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) ના સંદર્ભમાં બદલાતું વિશ્વ અને ભારતની ભૂમિકા" વિષય પર ગહન ચર્ચા અને વક્તવ્ય યોજાયું હતું.

મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ વાઈસ ચાન્સેલર પ્રો. (ડૉ.) પરિમલ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના કારણે સમગ્ર વિશ્વમાં ઝડપી પરિવર્તનો આવી રહ્યા છે. આ વૈશ્વિક બદલાવ વચ્ચે ભારતે ટેકનોલોજી અને નવીનતા (Innovation) ક્ષેત્રે પોતાની મજબૂત ભૂમિકા સ્થાપિત કરવી પડશે. તેમણે યુવાનો માટે AI ક્ષેત્રે રહેલી કેરિયરની વિવિધ તકો અંગે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ પ્રસંગે સંસ્થાના સેક્રેટરી જે.પી. મૈયાણીએ પણ વિદ્યાર્થીઓને છૈં સંદર્ભે ઉપયોગી માહિતી આપી હતી. કાર્યક્રમમાં ટ્રસ્ટી નાનુભાઈ વાઘાણી, ટી. એમ. પટેલ, CEO (ADMI.) જીગ્નેશભાઈ ગાબાણી, CEO (EDU.) સરિતાબેન મલિક, વિવિધ કોલેજોના આચાર્યો, શિક્ષકગણ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે ઉપસ્થિત સૌએ વક્તાનો આભાર માન્યો હતો.

# પાવઠી ગામની આંગણવાડીમાં યોજાયો 'આંગણ મિલન સેવા' કાર્યક્રમ



**સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત પાવઠી ગામે ધારાસભ્ય ગૌતમભાઈ ચૌહાણના અધ્યક્ષસ્થાને 'આંગણ મિલન સેવા' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મહિલાઓ, બાળકો અને કિશોરીઓને પોષણ તથા ટેક-હોમ રાશનના વપરાશ અંગે માર્ગદર્શન અપાયું હતું. બાળકોને ફળ-સુખડી વિતરણ, 'પોષણ ચેમ્પિયન' બાળકને ભેટ તેમજ ઉત્કૃષ્ટ કામગીરી બદલ આંગણવાડી અને આશા બહેનોનું સન્માન કરવામાં આવ્યું હતું.**

# મોખડકા ખાતે કેન્દ્રીય રાજ્યમંત્રી બાંભણીયાના અધ્યક્ષસ્થાને 'આંગણ મિલન સેવા' કાર્યક્રમ યોજાયો

## આંગણવાડી કાર્યકરો અને આશા વર્કરોનું સન્માન કરાયું, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જનકલ્યાણકારી યોજનાઓ અંગે માર્ગદર્શન અપાયું



ભાવનગર,તા.૨૮

સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત પાલિતાણા તાલુકાના મોખડકા ખાતે કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયાના અધ્યક્ષસ્થાને 'આંગણ મિલન સેવા' કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મહિલા અને બાળ કલ્યાણ વિભાગની વિવિધ યોજનાઓની માહિતી આપતાં કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ અમલી જનકલ્યાણકારી યોજનાઓનો લાભ લઈ દરેક પરિવાર વિકાસની મુખ્યધારામાં જોડાય તે માટે સૌએ જાગૃત થવું જરૂરી છે.

કાર્યક્રમ દરમિયાન આંગણવાડી કાર્યકરો, હેલ્પરો તથા આશા વર્કર બહેનોનું સન્માન કરવામાં આવ્યું હતું તેમજ બાળકોને ફળ વિતરણ કરાયું હતું. આઈ.સી.ડી.એસ. વિભાગ ભાવનગર અને પાલિતાણા દ્વારા આયોજિત આ ઉત્સવમાં ધારાસભ્ય ભીખાભાઈ બારૈયા, પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ સરવૈયા, જિલ્લા પંચાયત સદસ્ય શીવાભાઈ ચૌહાણ, પ્રોગ્રામ ઓફિસર શિલ્પાબેન ડામોર, સી.ડી.પી.ઓ. કલ્પનાબેન ચૌહાણ, અલ્પાબેન મકવાણા તથા સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ભાવનગરના જૂના બંદરની ખાડીમાં ડોલ્ફિન જોવા મળતા આશ્ચર્ય સર્જાયું

## છીછરા પાણીમાં રમતીયાળ ડોલ્ફિનને નિહાળવા રાહદારીઓ અને વાહનચાલકોની ભીડ જામી

ભાવનગર,તા.૨૮

ભાવનગરના જૂના બંદરની ખાડીમાં ડોલ્ફિન માછલીઓનું ઝુંડ જોવા મળતાં લોકોમાં ભારે આકર્ષણ અને આશ્ચર્ય ફેલાયું હતું. જૂના બંદરની ખાડીથી લઈને તળાજાના મથાવડા સુધીના દરિયાઈ પટ્ટીમાં ડોલ્ફિનનો કાયમી વસવાટ જોવા મળે છે.

આ રમતિયાળ માછલીઓ છીછરા દરિયાઈ વિસ્તાર તથા નદીના મુખ પાસે વધુ જોવા મળે છે. રોડ પરથી પસાર થતા રાહદારીઓ અને વાહનચાલકોએ આ નજારો નિહાળવા ખાડી તટે ભીડ જમાવી હતી. ઉલ્લેખનીય છે કે, ઘણીવાર માછીમારોની જાળમાં ડોલ્ફિન ફસાઈ જાય ત્યારે માછીમારો પોતાની જાળ કાપીને પણ આ સુંદર અને રમતિયાળ જીવને સુરક્ષિત રીતે દરિયામાં મુક્ત કરતા હોય છે.

# તળાજામાં એસ.ટી. ડેપો અને વિશ્વગુરુ વિદ્યાલય દ્વારા સ્વચ્છતા જાગૃતિ રેલી યોજાઈ

ભાવનગર,તા.૨૮

સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત તળાજા એસ.ટી. ડેપો અને વિશ્વગુરુ વિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે સ્વચ્છતા અંગેની જાગૃતિ રેલીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ સ્વચ્છતાના સૂત્રોચ્ચાર સાથે સમગ્ર વિસ્તારમાં જાગૃતિ ફેલાવી હતી. આ પ્રસંગે ડેપો મેનેજર કુ. પ્રજ્ઞાબેન વ્યાસ, ટ્રાફિક ઈન્સ્પેક્ટર કૌશિકભાઈ ઉપાધ્યાય, શાળાના સંચાલક મહેશભાઈ કામળિયા તથા શિક્ષકો અને એસ.ટી. યુનિયનના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે ડેપો મેનેજર કુ. પ્રજ્ઞાબેન વ્યાસે રેલીમાં જોડાયેલા તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહક રૂપે પેન ભેટ આપી અભિવાદન કર્યું હતું અને શાળા પરિવારનો આભાર વ્યક્ત કર્યો હતો.

# રાતોમાં રાત, નવરાતની કાર્યક્રમ બન્યો દર્શકોનો હૃદય સમ્રાટ





ભાવનગર,તા.૨૮

ભાવનગર ખાતે શનિવારે મેઘાણી મીની હોલમાં નવરાત્રિનાં આગમનને આવકારવા યોજય ગયેલ 'રાતોમાં રાત, નવરાતની' ભાવ સ્વરા યુફોરિયા સંસ્થા પ્રસ્તુત "બેઠા ગરબાનાં કાર્યક્રમે ભારે જમાવટ કરી હતી અને દર્શકોને છેલ્લે સુધી રસ તરબોળ કરી દીધા હતાં.

નવરાત્રિનાં આગમન ને આવકારવા યોજાયેલ આ કાર્યક્રમમાં જાસ્મીન રીંડાણી, ડૉ ઉર્જા મહેતા, યોગીની વૈશ્નવ, તૃષ્ણા દેસાઈ, રિકતા ઝાલા, અપર્ણા વૈશ્નવ, જયની આચાર્ય દ્વારા પ્રાચીન અને અર્વાચીન ગરબાની રચનાઓની ભાવવાહી રજુઆતથી માં જગદંબાનું ભક્તિભાવભર્યું પવિત્ર વાતાવરણ સર્જયું હતું અને સમગ્ર શ્રોતાગણ ભાવવિભોર બની તાળીઓના ગડગડાટથી વધાવતા રહ્યા હતાં. ડૉ. નીરવ પંડ્યાએ સિંથેસાઈઝર, પ્રાર્થીત મહેતાએ તબલાં અને મિલન મહેતાએ ઓક્ટોપેડ ઉપર સંગત કરી સોનામાં સુગંધ રેલાવી હતી મોટાભાગે ગુજરાતી ફિલ્મસંગીતનાં ભીષ્મપિતા સમાન અવિનાશ વ્યાસની રચનાઓ તેમજ ગૌરાંગ વ્યાસ, નીના મજમુદાર અને આસિત દેસાઈની ગરબા કૃતિઓ ગવાઈ હતી. સમગ્ર કાર્યક્રમનું રસ દર્શન ડૉ. મૃણાલ દીક્ષિત અને ધીરેન્દ્ર વૈશ્નવે કર્યું હતું. સંગીત ક્ષેત્ર ના નિષ્ણાંતો, કલાકારોએ અને બેઠા ગરબાના રસિક વરિષ્ઠ અને યુવા નાગરિકોએ આ પ્રયોગની સરાહના કરી હતી.

# શહેર ભાજપે બુથ સ્તરે પુષ્પાર્પણ કરીને પંડિત દીનદયાળજીની જન્મજયંતિની ઉજવણી કરી



એકાત્મ માનવ દર્શનના પ્રણેતા એવા પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની જન્મજયંતિ અંતર્ગત ભાવનગર શહેર ભાજપ અધ્યક્ષ કુમારભાઈ શાહની અધ્યક્ષતામાં શહેર અને વોર્ડ ભાજપ સંગઠનના માર્ગદર્શનમાં શહેરના તમામ બુથ સ્તરે કાર્યકર્તાઓએ પંડિતજીની તસ્વીરને પુષ્પાર્પણ કરીને તેમના સિદ્ધાંતો પર શ્રદ્ધા વ્યક્ત કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, પંચનિષ્ઠા અને એકાત્મ માનવ દર્શનના પ્રણેતા એવા પંડિતજીએ 'પંચજન્ય' સાપ્તાહિક અને 'સ્વદેશ' દૈનિકનું સંપાદન પણ કરેલ. શહેર કાર્યાલય ખાતે અધ્યક્ષ કુમારભાઈ શાહ સહીત સંગઠને પંડિતજીની પ્રતિમાને પુષ્પાર્પણ કરેલ, જ્યારે પોતપોતાના બુથ સ્તરે ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, વરિષ્ટ આગેવાનો અને કાર્યકર્તાઓએ પુષ્પાર્પણ કરેલ.

# DRM દિનેશ વર્મા દ્વારા વેરાવળ રનિંગ રૂમ અને રેલવે સ્ટેશનનું નિરીક્ષણ

ભાવનગર,તા.૨૬

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળના મંડળ રેલ પ્રબંધક (DRM) દિનેશ વર્માએ ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ વેરાવળ રનિંગ રૂમ તથા વેરાવળ રેલવે સ્ટેશનનું વિગતવાર નિરીક્ષણ કર્યું હતું. આ નિરીક્ષણનો મુખ્ય હેતુ લોકો પાયલટ, સહાયક લોકો પાયલટ અને ટ્રેન મેનેજર માટે ઉપલબ્ધ વિશ્રામ સુવિધાઓ તેમજ નિર્માણાધીન નવા રનિંગ રૂમના કામની પ્રગતિ ચકાસવાનો હતો.DRM દિનેશ વર્માએ રનિંગ રૂમમાં સ્વચ્છતા, પીવાનું પાણી, ભોજન અને આરામદાયક રોકાણની વ્યવસ્થાઓ જાળવી રાખવા સૂચના આપી હતી.

---

**અરજદાર તરફે વિ.વ. શ્રીઃ-આર.એસ.મતવા**

**પાલીતાણાનાં મ્હે. એડી. ચીફ જયુડી, મેજી.સા.ની કોર્ટમાં, મું.પાલીતાણા, જી.ભાવનગર.**

**પ.ફો.અ.નં. ૨૨૭/૨૦૨૬**
**મું.તા.૨૫/૦૯/૨૦૨૬**

**જેનુબેન અલારખભાઈ ડેરૈયા**
**રહે. તળાવ, પાલીતાણા......અરજદાર**
**-: વિરુધ્ધ :-**
**રજીસ્ટારશ્રી, જન્મ મરણ શાખા**
**નગરપાલીકા, પાલીતાણા.....સામાવાળા**

**બાબત :- જન્મ-મરણ અન્વયે મરણની નોંધણી અંગેની અરજી**

**-: જાહેર નોટીસ :-**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર જેનુબેન અલારખભાઈ ડેરૈયા રહે.તળાવ, પાલીતાણાનાઓએ તેમની પુત્રવધુ—નરગીસબાનુ" નુ અવસાન તા.૨૦/૦૩/૨૦૨૨ ના રોજ પાલીતાણા મુકામે થયેલ છે તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે જે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યકિત, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોઈ તેમણે આધાર પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં મું.તા.૨૫/૦૯/૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે હાજર રહેવું. તેમ કરવામાં કસુર થયેથી ધારાસરની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે આ જાહેર નોટીસ દ્વારા જાહેર જનતા જોગ જાણ કરવામાં આવે છે.

**આજ રોજ તાઃ૧૮ માહેઃ ઓગષ્ટ સને ૨૦૨૬ ના રોજ કોર્ટનો સહી સીકકો કરી આપ્યો.**

તૈયાર કરનાર (એ.બી.કુરેશી) આસીસ્ટન્ટ — મુકાબલ કરનાર (પી.એમ.જાની) આસીસ્ટન્ટ — કોર્ટનો સિક્કો — હુકમથી (એસ.વી.રવીસાહેબ) ઈ./ચા. રજીસ્ટ્રાર પ્રિન્સી.સિનિ.સિવિલ અને એડી. ચીફ જયુડી, મેજી. કોર્ટ, પાલીતાણા

---

**અરજદાર તરફે વિ.વ. શ્રીઃ-આર.એસ.મતવા**

**પાલીતાણાનાં મ્હે. એડી. ચીફ જયુડી, મેજી.સા.ની કોર્ટમાં, મું.પાલીતાણા, જી.ભાવનગર.**

**પ.ફો.અ.નં. ૨૩૦/૨૦૨૬**
**મું.તા.૨૫/૦૯/૨૦૨૬**

**યાફાઈ હબીબભાઈ મનેસરભાઈ**
**રહે. દરબારગઢ પાછળ,પાલીતાણા......અરજદાર**
**-: વિરુધ્ધ :-**
**રજીસ્ટારશ્રી, જન્મ મરણ શાખા**
**નગરપાલીકા, પાલીતાણા.....સામાવાળા**

**બાબત :- જન્મ-મરણ અન્વયે જન્મની નોંધણી અંગેની અરજી**

**-: જાહેર નોટીસ :-**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર યાફાઈ હબીબભાઈ મનેસરભાઈ રહે, દરબારગઢ પાછળ, પાલીતાણાનાઓએ તેમની "પુત્રી— "કવસરબાનુ" નો જન્મ તા.૦૬/૦૯/૧૯૮૫ ના રોજ પાલીતાણા મુકામે થયેલ છે તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે જે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યકિત, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોઈ તેમણે આધાર પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં મું.તા.૨૫/૦૯/૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે હાજર રહેવું. તેમ કરવામાં કસુર થયેથી ધારાસરની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે આ જાહેર નોટીસ દ્વારા જાહેર જનતા જોગ જાણ કરવામાં આવે છે.

**આજ રોજ તાઃ૧૮ માહેઃ ઓગષ્ટ સને ૨૦૨૬ ના રોજ કોર્ટનો સહી સીકકો કરી આપ્યો.**

તૈયાર કરનાર (એ.બી.કુરેશી) આસીસ્ટન્ટ — મુકાબલ કરનાર (પી.એમ.જાની) આસીસ્ટન્ટ — કોર્ટનો સિક્કો — હુકમથી (એસ.વી.રવીસાહેબ) ઈ./ચા. રજીસ્ટ્રાર પ્રિન્સી.સિનિ.સિવિલ અને એડી. ચીફ જયુડી, મેજી. કોર્ટ, પાલીતાણા

---

**જાહેર નોટીસ**

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી નં ૪૦૨/૨૦૨૬**
**જન્મ તારીખ ૨૪/૧૨/૧૯૭૬**

**શ્રી ભરતભાઈ બાલાભાઈ પરમાર,**
**રહે. નાની કોળીવાડ, મોટીપા, વસ્તેજ,**
**તા.જી.ભાવનગર. મો-૯૭૨૩૮૭૨૨૩૫**
**વિરુધ્ધ**
**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ભરતકુમાર બાલાભાઈ પરમારએ તેમનો જન્મ તા.૨૪/૧૨/૧૯૭૬ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૮/૦૮/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો — હુકમથી એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને સીટી મામલતદાર ભાવનગર

---

**-:જાહેર નોટીશ :-**

**પાલીતાણાના મહે. એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મું.પાલીતાણા.**

**અરજદાર તર્ફે વિ.વ.શ્રી :- આર. એસ. મતવા**
**પરચુ.ફોજદારી અરજી નં.૩૩૦/૨૦૨૬**
**મુદત તારીખઃ ૦૯/૧૦/૨૦૨૬**

**ચૌહાણ વિનુભાઇ ગીરધરભાઇ**
**રહે. મું. જાળીયા(અમ.), તા. પાલીતાણા, જી. ભાવનગર.........અરજદાર**
**-: વિરુધ્ધ :-**
**તલાટી મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી જાળીયા (અમ.), તા. પાલીતાણા, જી. ભાવનગર.**
**........સામાવાળા**

**બાબત :- જન્મ-મરણ અન્વયે મરણ/અવસાનની નોંધણી કરવા અંગેની અરજી**

આથી જાહેર જનતાને સદરહ નોટીશથી જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર ચૌહાણ વિનુભાઈ ગીરધરભાઈ રહે. મું. જાળીયા(અમ.), તા. પાલીતાણા, જી. ભાવનગર તેમના માતા "ઓતીબેન ગીરધરભાઇ ચૌહાણ"નું મરણ/અવસાન તારીખ ૨૧/૦૫/૨૦૨૪ ના રોજ મું. જાળીયા (અમ.), તા. પાલીતાણા મકામે થયેલ છે. સદરહું અવસાન/મરણની નોંધ જાળીયા (અમ.) ગ્રામ પંચાયત કચેરીના મરણ રજીસ્ટ્રરમાં નોંધણી અંગે હુકમ કરવા સારૂ અરજદારે અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી દાખલ કરેલ છે. જે અરજી અંગે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો, તકરાર હોઇ તેમણે આધાર પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં મુદત તારીખ ૦૯/૧૦/૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે હાજર રહેવું અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે આ જાહેર નોટીશ દ્વારા જાહેર જનતા જોગ જાણ કરવામાં આવે છે.

**આજરોજ તારીખ ૧૯/૦૯/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.**

તૈયાર કરનાર (આર.એમ.ચોપડા) આસીસ્ટન્ટ — મુકાબલ કરનાર (એસ.વી.સ્વીસાહેબ) સુપ્રિન્ટેન્ડેન્ટ — કોર્ટનો સિક્કો — હુકમથી (એન.જી. ભંડારી) ઇ.ચા. રજીસ્ટ્રાર પ્રિન્સિપાલ સિનિયર સિવિલ અને એડી.ચીફ જ્યુડી.મેજી. કોર્ટ, પાલીતાણા.

---

**અરજદાર તરફે વિ.વ. શ્રીઃ-આર.એસ.મતવા**

**પાલીતાણાનાં મ્હે. એડી. ચીફ જયુડી, મેજી.સા.ની કોર્ટમાં, મું.પાલીતાણા, જી.ભાવનગર.**

**પ.ફો.અ.નં. ૨૨૬/૨૦૨૬**
**મું.તા.૨૫/૦૯/૨૦૨૬**

**લાખાણી આદમભાઈ જમાલભાઈ**
**રહે. જેલ રોડ, ખાટકીવાડ,પાલીતાણા......અરજદાર**
**-: વિરુધ્ધ :-**
**રજીસ્ટારશ્રી, જન્મ મરણ શાખા**
**નગરપાલીકા, પાલીતાણા.....સામાવાળા**

**બાબત :- જન્મ-મરણ અન્વયે જન્મની નોંધણી અંગેની અરજી**

**-: જાહેર નોટીસ :-**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર લાખાણી આદમભાઈ જમાલભાઈ રહે. જેલ રોડ, ખાટકીવાડ, પાલીતાણાનાઓએ તેમની જન્મ તા.૦૧/૦૧/૧૯૬૪ ના રોજ પાલીતાણા મુકામે થયેલ છે તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે જે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યકિત, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોઈ તેમણે આધાર પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં મુ.તા.૨૫/૦૯/૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે હાજર રહેવું. તેમ કરવામાં કસુર થયેથી (૨૦૦ ની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે આ જાહેર નોટીસ દ્વારા જાહેર જનતા જાણ કરવામાં આવે છે.

**આજ રોજ તાઃ૧૩ માહેઃ ઓગષ્ટ સને ૨૦૨૬ ના રોજ કોર્ટનો સહી સીકકો કરી આપ્યો.**

તૈયાર કરનાર (એ.બી.કુરેશી) આસીસ્ટન્ટ — મુકાબલ કરનાર (પી.એમ.જાની) આસીસ્ટન્ટ — કોર્ટનો સિક્કો — હુકમથી (એસ.વી.રવીસાહેબ) ઈ./ચા. રજીસ્ટ્રાર પ્રિન્સી.સિનિ.સિવિલ અને એડી. ચીફ જયુડી, મેજી. કોર્ટ, પાલીતાણા

---

**અરજદાર તરફે વિ.વ. શ્રીઃ-આર.એસ.મતવા**

**પાલીતાણાનાં મ્હે. એડી. ચીફ જયુડી, મેજી.સા.ની કોર્ટમાં, મું.પાલીતાણા, જી.ભાવનગર.**

**પ.ફો.અ.નં. ૨૨૪/૨૦૨૬**
**મું.તા.૨૫/૦૯/૨૦૨૬**

**સરમાળી રજાકભાઈ હુસેનભાઈ**
**રહે. બહારપરા, પાલીતાણા......અરજદાર**
**-: વિરુધ્ધ :-**
**રજીસ્ટારશ્રી, જન્મ મરણ શાખા**
**નગરપાલીકા, પાલીતાણા.....સામાવાળા**

**બાબત :- જન્મ-મરણ અન્વયે જન્મની નોંધણી અંગેની અરજી**

**-: જાહેર નોટીસ :-**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર સરમાળી રજાકભાઈ હુસેનભાઈ રહે.બહારપરા, પાલીતાણાનાઓએ તેમની જન્મ તા.૦૧/૦૧/૧૯૬૯ ના રોજ પાલીતાણા મુકામે થયેલ છે તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે જે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યકિત, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોઈ તેમણે આધાર પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં મું.તા.૨૫/૦૯/૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે હાજર રહેવું. તેમ કરવામાં કસુર થયેથી ધારાસરની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે આ જાહેર નોટીસ દ્વારા જાહેર જનતા જોગ જાણ કરવામાં આવે છે.

**આજ રોજ તાઃ૧૩ માહેઃ ઓગષ્ટ સને ૨૦૨૬ ના રોજ કોર્ટનો સહી સીકકો કરી આપ્યો.**

તૈયાર કરનાર (એ.બી.કુરેશી) આસીસ્ટન્ટ — મુકાબલ કરનાર (પી.એમ.જાની) આસીસ્ટન્ટ — કોર્ટનો સિક્કો — હુકમથી (એસ.વી.રવીસાહેબ) ઈ./ચા. રજીસ્ટ્રાર પ્રિન્સી.સિનિ.સિવિલ અને એડી. ચીફ જયુડી, મેજી. કોર્ટ, પાલીતાણા

---

**અરજદાર તરફે વિ.વ. શ્રીઃ-આર.એસ.મતવા**

**પાલીતાણાનાં મ્હે. એડી. ચીફ જયુડી, મેજી.સા.ની કોર્ટમાં, મું.પાલીતાણા, જી.ભાવનગર.**

**પ.ફો.અ.નં. ૨૪૫/૨૦૨૬**
**મું.તા.૨૫/૦૯/૨૦૨૬**

**લાખાણી આદમભાઈ ગુલ મહમદભાઈ**
**રહે.ખાટકીવાડ, પાલીતાણા, જી.ભાવનગર......અરજદાર**
**-: વિરુધ્ધ :-**
**રજીસ્ટારશ્રી, જન્મ મરણ શાખા**
**નગરપાલીકા, પાલીતાણા.....સામાવાળા**

**બાબત :-જન્મ-મરણ અન્વયે જન્મની નોંધણી અંગેની અરજી**

**-: જાહેર નોટીસ :-**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર લાખાણી આદમભાઈ ગુલ મહમદભાઈ રહે. ખાટકીવાડ, પાલીતાણા, જી.ભાવનગરનાઓએ તેઓના ભત્રીજા "લાખાણી ઉસ્માનભાઈ ગનીભાઈ" નો જન્મ તા.૩૧/૦૭/૧૯૬૨ ના રોજ પાલીતાણા મુકામે થયેલ છે તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે જે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યકિત, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોઈ તેમણે આધાર પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં મું.તા.૨૫/૦૯/૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે હાજર રહેવું. તેમ કરવામાં કસુર થયેથી ધારાસરની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે આ જાહેર નોટીસ દ્વારા જાહેર જનતા જોગ જાણ કરવામાં આવે છે.

**આજ રોજ તાઃ૨૧ માહેઃ ઓગષ્ટ સને ૨૦૨૬ ના રોજ કોર્ટનો સહી સીકકો કરી આપ્યો.**

તૈયાર કરનાર (એ.બી.કુરેશી) આસીસ્ટન્ટ — મુકાબલ કરનાર (પી.એમ.જાની) આસીસ્ટન્ટ — કોર્ટનો સિક્કો — હુકમથી (એસ.વી.રવીસાહેબ) ઈ./ચા. રજીસ્ટ્રાર પ્રિન્સી.સિનિ.સિવિલ અને એડી. ચીફ જયુડી, મેજી. કોર્ટ, પાલીતાણા






LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર આવૃત્તિ 8 તા. ૨૮-૦૯-૨૦૨૬, સોમવાર

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર

બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન: (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫







**તળાજાના દિહોર રોડ પરથી બે ગેરકાયદે દેશી તમંચા સાથે બે શખ્સોને દબોચ્યા**

## એલસીબીનો સપાટો ; દેશી તમંચા સાથે રીઢા ગુનેગાર સહીત બે ઝબ્બે



**ઝડપાયેલા આરોપીઓ પૈકી એક સામે અગાઉ આર્મ્સ એક્ટ અને હત્યાના પ્રયાસ સહિત ૮ ગંભીર ગુના નોંધાયેલા છે; વધુ તપાસ હાથ ધરાઈ**

ભાવનગર,તા.૨૮

ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે તળાજા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડી બે શખ્સોને ગેરકાયદેસર હથિયારો સાથે ઝડપી લીધા છે.

પોલીસને મળેલી ચોક્કસ બાતમી આધારે તળાજા તાલુકાના દિહોર જવાના રસ્તે લાકડીયાના માર્ગ પર તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન બાતમી મુજબના પહેરવેશ સાથે ઉભેલા બે શંકાસ્પદ શખ્સોની તલાશી લેતાં તેમના નેફામાંથી લોખંડની ધાતુના સિંગલ બેરલવાળા, સ્પ્રીંગ મિકેનિઝમ ધરાવતા બે દેશી તમંચા(કિંમત રૂ. ૧૦,૦૦૦ મળી આવ્યા હતા.

પોલીસે પકડેલા આરોપીઓમાં દિલીપ ઉર્ફે સુખો બાલાભાઈ મકવાણા (ઉં.વ. ૩૯, રહે. દિહોર, તા. તળાજા) અને દીપક ઉર્ફે દીપભાઈ ભૂપતભાઈ લાધવા (ઉં.વ. ૩૪, રહે. પીથલપુર, તા. તળાજા)નો સમાવેશ થાય છે. પકડાયેલા આરોપીઓ પૈકી દિલીપ ઉર્ફે સુખો મકવાણાનો ગુન્હાહિત ઈતિહાસ ધરાવે છે અને તેની સામે અગાઉ નીલમબાગ, તળાજા, ઘોઘા, ભરતનગર, ખૂંટવડા અને વરતેજ પોલીસ મથકોમાં આર્મ્સ એક્ટ, જી.પી. એક્ટ તથા ઈ.પી.કો. કલમ ૩૦૭ (હત્યાનો પ્રયાસ) સહિત કુલ ૮ ગંભીર ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે.

આ સફળ કામગીરી LCB પોલીસ ઈન્સ્પેક્ટર એચ.બી. ચૌહાણના માર્ગદર્શન હેઠળ પોલીસ સબ ઈન્સ્પેક્ટર આર.એ. વાઢેર, વી.સી. જાડેજા, પી.ડી. ઝાલા તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવી હતી. LCB પોલીસે બંને શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી કરી આગળની વધુ તપાસ અર્થે તળાજા પોલીસ સ્ટેશનમાં સોંપી આપ્યા છે.

# બન્ને ચૂંટણીમાં પુનઃરાવર્તન

## તળાજા નાગરિક સહકારી બેંકની ચૂંટણીમાં વર્તમાન ડિરેક્ટરોની પેનલનો ભવ્ય વિજય

ભાવનગર,તા.૨૮

તળાજા નાગરિક સહકારી બેંકની સામાન્ય ચૂંટણીનું પરિણામ જાહેર થઈ ગયું છે, જેમાં મોડી રાત સુધી ચાલેલી મતગણતરી બાદ વર્તમાન ડિરેક્ટરોની પેનલે તમામ બેઠકો પર ભવ્ય વિજય મેળવી પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું છે. આ જીત સાથે બેંકની ચૂંટણીમાં છેલ્લા ૨૦ વર્ષથી પેનલની જીતની ચાલતી આવતી પરંપરા અકબંધ રહી છે.

ઉલ્લેખનીય છે કે, આ ચૂંટણીમાં ૬૨.૯૭% જેટલું ઐતિહાસિક મતદાન નોંધાયું હતું. વર્તમાન બોર્ડની પેનલમાં કોળી સમાજના પ્રતિનિધિનો સમાવેશ ન થવા તથા એકમાત્ર અપક્ષ ઉમેદવારના સોશિયલ મીડિયા અને ટેકનોલોજી દ્વારા કરાયેલા આક્રમક પ્રચારને પગલે ચૂંટણી ભારે રસપ્રદ બની હતી. સહકારી પેનલના સભ્યોને જીતાડવા માટે કેરળ, મુંબઈ, અમદાવાદ અને સુરત જેવાં સ્થળોએથી પણ સભાસદોને ખાસ બોલાવવામાં આવ્યા હતા. રામનગર પ્રાથમિક શાળા ખાતેના ૭ બૂથ પર શાંતિપૂર્ણ માહોલમાં કુલ ૪,૧૭૮ મતદારોએ મતદાન કર્યું હતું.

રાત્રે ૧૦ વાગ્યાથી શરૂ થયેલી મતગણતરી પ્રક્રિયા આખી રાત ચાલી હતી. આ દરમિયાન બેલેટ પેપર પરના સિક્કા બાબતે વિવાદ સર્જાતાં બે વખત ગણતરી અટકી પડી હતી. પરંતુ તમામ વિવાદો વચ્ચે અંતે આજે જાહેર થયેલા પરિણામોમાં બે મહિલા ઉમેદવારો સહિત વર્તમાન પેનલના તમામ ૧૫ ઉમેદવારો વિજેતા જાહેર થયા છે.

**૬૨.૯૭% ઐતિહાસિક મતદાન બાદ યોજાયેલી મતગણતરીમાં તમામ ૧૫ બેઠકો પર સહકારી પેનલનો દબદબો; ૨૦ વર્ષની પરંપરા જળવાઈ**

## મહુવા નાગરિક સહકારી બેંકની ચૂંટણીમાં ધારાસભ્ય શિવાભાઈ ગોહિલ પ્રેરિત પેનલનો ભવ્ય વિજય

**બિપીનભાઈ સંઘવી જૂથના તમામ ૧૧ ઉમેદવારો વિજેતા બન્યા: પૂર્વ મંત્રી આર.સી. મકવાણા પ્રેરિત પેનલનો પરાજય**



ભાવનગર,તા.૨૮

મહુવા નાગરિક સહકારી બેંક લિમિટેડની સામાન્ય ચૂંટણીનું પરિણામ જાહેર થઈ ગયું છે. રવિવારે યોજાયેલા ૫૪.૧૧ ટકા જેટલા મતદાન બાદ મોડી રાત્રે શરૂ થયેલી મતગણતરી વહેલી સવારે પૂર્ણ થઈ હતી, જેમાં ભાજપ પ્રેરિત બે જૂથો વચ્ચેના સીધા જંગમાં ધારાસભ્ય શિવાભાઈ ગોહિલ પ્રેરિત અને બિપીનભાઈ સંઘવીની પેનલે તમામ ૧૧ બેઠકો પર જીત મેળવી ભવ્ય વિજય સર કર્યો છે. જ્યારે પૂર્વ મંત્રી અને પૂર્વ ધારાસભ્ય આર.સી. મકવાણા પ્રેરિત તથા ભરતભાઈ ઠાકરની 'સહકારી વિકાસ પેનલ'ને હારનો સામનો કરવો પડ્યો છે.

મહુવાની જે.પી. પારેખ હાઈસ્કૂલ ખાતે શાંતિપૂર્ણ માહોલમાં યોજાયેલી આ ચૂંટણીમાં કુલ ૯,૭૦૧ નોંધાયેલા મતદારોમાંથી ૫,૨૪૯ સભાસદોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. કુલ ૨૧ ઉમેદવારો વચ્ચે ખેલાયેલા આ રસપ્રદ ચૂંટણી જંગમાં ૧૧ ઉમેદવારો વિજેતા બન્યા છે જ્યારે ૧૦ ઉમેદવારો પરાજિત થયા છે. વહેલી સવારે પરિણામ જાહેર થતાં જ વિજેતા જૂથના સમર્થકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

## તળાજા પાસે ગોપનાથ રોડ પરથી આધેડની લટકતી લાશ મળી



ભાવનગર,તા.૨૮

તળાજા શહેર નજીક આવેલા ગોપનાથ રોડ પર પેટ્રોલ પંપ સામેના વિસ્તારમાંથી એક આધેડ વયના વ્યક્તિની લટકતી હાલતમાં લાશ મળી આવતાં પંથકમાં ચકચાર મચી ગઈ છે. ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકોના ટોળેટોળાં સ્થળ પર એકઠા થઈ ગયા હતા.

પ્રાથમિક માહિતી અનુસાર, મૃતકની ઓળખ તળાજાના દિનદયાલ નગરમાં રહેતા અને ગેસ વેલ્ડીંગનું કામ કરતા મુન્નાભાઈ પટણી તરીકે થઈ છે. ઘટના અંગે જાણ થતાં જ પોલીસ કાફલો સ્થળ પર દોડી ગયો હતો. મુન્નાભાઈના મોતનું ચોક્કસ કારણ શું છે તે અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. આ બનાવે ભારે ચકચાર જગાવી છે.

**ઘટનાસ્થળે લોકોના ટોળા ઉમટ્યા, મૃતદેહનો કબ્જો મેળવી પોલીસે તપાસ હાથ ધરી**

## બોરતળાવ વિસ્તારમાં જૂની દાઝ રાખી હુમલો: પિતા-પુત્ર પર ઈંટના ઘા ઝીક્યાં

**નશો કરી ગાળો બોલવાની ના પાડતા થયેલ બોલાચાલી ઉગ્ર બની, બે શખ્સો સામે ફરિયાદ નોંધાવાઈ**

ભાવનગર,તા.૨૮

ભાવનગર શહેરના બોરતળાવ મફતનગર મહાકાળી ચોક વિસ્તારમાં નશો કરીને ગાળો બોલવાની ના પાડવા બાબતે સામાન્ય બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. હીરા મજૂરી કામ કરતા નરેશભાઈ ધીરુભાઈ ચૌહાણના ઘર પાસે ગઈકાલે રાત્રે નવેક વાગ્યાના અરસામાં કાઠી અને કિરણ નામના બે શખ્સો આવ્યા હતા અને નરેશભાઈના નાના પુત્રને બોલાવીને ઝઘડો શરૂ કર્યો હતો.

નરેશભાઈ ઘરની બહાર આવતા જ બંને શખ્સોએ ગાળાગાળી શરૂ કરી દીધી હતી. વિરોધ કરતાં 'કાઠી' નામના શખ્સે નરેશભાઈને પકડી રાખ્યા હતા અને 'કિરણ' નામના શખ્સે ઘર પાસે પડેલી ઈંટથી નરેશભાઈના માથાના ભાગે બે ઘા ઝીંકી દીધા હતા, જેના કારણે તેમને ગંભીર ઈજા થઈ હતી અને લોહી વહેવા લાગ્યું હતું. છોડાવવા વચ્ચે પડેલા તેમના પુત્ર યુવરાજ અને ભત્રીજી ભૂમિકાને પણ મૂઢ માર મારવામાં આવ્યો હતો.

બુમાબુમ થતા આસપાસના પાડોશીઓ આવ્યા હતા. જયારે હુમલાખોરો પોતાની સિલ્વર કલરની ફોર-વ્હીલ ગાડી નંબર ય્ત્ત ૧૮ છઝ ૯૯૬૬ ઘટનાસ્થળે જ મૂકીને "અમારા કામમાં આડા પડશો તો પતાવી દઈશું" તેવી ધમકી આપી નાસી છૂટ્યા હતા. ઈજાગ્રસ્ત નરેશભાઈને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સર ટી. હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, બનાવ અંગે ભોગ બનનારની ફરિયાદના આધારે બોરતળાવ પોલીસ મથકે BNS ની કલમ ૧૧૮(૧), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ મુજબ ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## સિહોરના ધ્રુપકા ગામે મહિલા પર જેઠાણી સહિત પાંચ કૌટુંબિક સભ્યોનો હુમલો

ભાવનગર,તા.૨૮

સિહોર તાલુકાના ધ્રુપકા ગામે વીજપોલ હટાવવા જેવી નજીવી બાબતે મહિલા પર તેમનાં જ જેઠાણી સહિત પાંચ કૌટુંબિક સભ્યોએ હુમલો કર્યાની ઘટના સામે આવી છે.

ધ્રુપકા ગામે નાળા પાસે રહેતાં ગીતાબેન ચંદુભાઈ વાળા ઘરે હાજર હતા ત્યારે પાડોશમાં રહેતાં તેમનાં જેઠાણી મનુબેન, કિરણબેન અને કોમલબેન ત્યાં ધસી આવ્યા હતા અને ય્ઈમ્નો વીજપોલ કાઢી નાખવાનું કહી તકરાર કરી હતી. ગીતાબેને "આ થાંભલો અમે નથી નાખ્યો" તેમ કહેતાં જ ત્રણેય મહિલાઓએ ગાળો ભાંડી ઢીકાપાટુનો માર માર્યો હતો. તે વેળાએ પંકજ અને વિશાલ હાથમાં લાકડીઓ લઈને દોડી આવ્યા હતા અને ગીતાબેનને લાકડી વડે મૂંઢમાર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી ભાગી છૂટ્યા હતા. સિહોર પોલીસે ભોગ બનનાર ગીતાબેનની ફરિયાદના આધારે મનુબેન, કિરણબેન, કોમલબેન, પંકજ અને વિશાલ વિરૂદ્ધ BNS તથા જી.પી. એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

**વીજપોલ હટાવવાની બાબતે ઢીકાપાટુ અને લાકડી વડે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી**

## નારી ઓવરબ્રિજ પર બે કાર વચ્ચે ધડાકાભેર અકસ્માતઃ બે ઈજાગ્રસ્ત



તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૨૮

ભાવનગર નજીક નારી ચોકડી પાસે આવેલા ઓવરબ્રિજ પર રવિવારે ઢળતી સાંજે બે ફોર-વ્હીલર કાર વચ્ચે સામસામે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ જોરદાર ટક્કરમાં બંને કારને ભારે નુકસાન થયું હતું અને કારમાં સવાર બે વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતના પગલે ઓવરબ્રિજ પર વાહનોની લાંબી કતારો લાગતાં ટ્રાફિક જામ થયો હતો.

ઘટનાની જાણ થતાં જ વરતેજ પોલીસ કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો. પોલીસે સ્થાનિકોની મદદથી ઈજાગ્રસ્તોને કારમાંથી બહાર કાઢી ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. બાદમાં પોલીસે ક્રેનની મદદથી ક્ષતિગ્રસ્ત કારોને સાઈડમાં ખસેડી વાહનવ્યવહાર પૂર્વવત કરાવ્યો હતો અને અકસ્માતનું કારણ જાણવા તપાસ હાથ ધરી છે.

**વરતેજ પોલીસે ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડી ક્રેન મારફતે કાર દૂર કરી વાહનવ્યવહાર પૂર્વવત કરાવ્યો**

## ચિત્રા GIDC પાસે પૂરઝડપે દોડતા બાઈકે અડફેટે લેતા વૃદ્ધને ઈજા

**અજાણ્યા બાઈક ચાલક સામે બોરતળાવ પોલીસ મથકમાં ગુનો દાખલ**

ભાવનગર,તા.૨૮

ભાવનગર શહેરના ચિત્રા જીઆઈડીસી વિસ્તારમાં આવેલા ઓમ પાર્ટી પ્લોટ સામે એક ગંભીર અકસ્માતની ઘટના સામે આવી છે. મધુસિલિકા કંપનીમાં નોકરી કરતા અને મજૂરી કામ કરતા ૬૦ વર્ષીય કિશોરસિંહ રવુભા ગોહિલ ગત સાંજે સાડા સાતેક વાગ્યાના અરસામાં રાબેતા મુજબ ચાલીને પોતાની ડ્યુટી પર જઈ રહ્યા હતા. તે દરમિયાન ચિત્રા બેંક કોલોની પાસે આવેલ ઓમ પાર્ટી પ્લોટ સામેથી રોડ ક્રોસ કરતી વેળાએ પૂરઝડપે અને બેફિકરાઈથી આવી રહેલા એક અજાણ્યા મોટરસાયકલ ચાલકે તેમને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં કિશોરસિંહ રોડ પર ફંગોળાઈને નીચે પડી જતાં તેમને ડાબા પગમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી.

બનાવ બનતા ઘટનાસ્થળે લોકટોળા એકત્રિત થઈ ગયા હતા અને તેમના સગા સંબંધી તુરંત જ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. અને '૧૦૮' ને ફોન કરાતા એમ્બ્યુલન્સ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી અને ઈજાગ્રસ્ત કિશોરસિંહને વધુ સારવાર અર્થે સર ટી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

આ બનાવ અંગે ભોગ બનનાર કિશોરસિંહ ગોહિલની ફ્રિયાદના આધારે બોરતળાવ પોલીસ મથકમાં બી.એન.એસ. (મ્દ્દજી) ની કલમ ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તેમજ મોટર વાહન અધિનિયમની કલમ ૧૭૭, ૧૮૪ અને ૧૩૪ મુજબ અજાણ્યા મોટરસાયકલ ચાલક વિરુદ્ધ ગુનો નોંધીને કાયદેસરની તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

## રંઘોળામાંથી પરફ્યુમની આડમાં નશાનો વેપલો; બે શખ્સો સામે ગુનો નોંધાયો

**FSL રિપોર્ટમાં આલ્કોહોલ અને ઝેરી કેમિકલ હોવાનો ચોંકાવનારો ખુલાસો; ૧૦૦ મિલીની ૭૦ બોટલો જપ્ત**

ભાવનગર,તા.૨૮

ઉમરાળા તાલુકાના રંઘોળા ગામના કુબેલીયાપરા ખાતે ખુલ્લા વાડામાં પરફ્યુમના નામે નશાકારક બોટલોનું વેચાણ થતું હોવાની બાતમી મળતાં પોલીસે દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન પોલીસે 'નીર પરફ્યુમ લાઈમર' લખેલી ૧૦૦ મિલીની ૭૦ બોટલો કિંમત રૂ. ૨,૧૦૦ કબજે કરી સેમ્પલ જુનાગઢ FSL ખાતે મોકલ્યા હતા.

FSL રિપોર્ટમાં આ પ્રવાહીમાં ૫૯.૫૨૭% ઈથાઈલ આલ્કોહોલ અને માનવ શરીર માટે ગંભીર જોખમ ઊભું કરતું 'ડાયઈથાઈલ થેલેટ' નામનું કેમિકલ હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો હતો. તપાસમાં સામે આવ્યું હતું કે રંઘોળાનો કિરણ કાળુભાઈ ધોળકીયા આ જથ્થો ગારીયાધારના શાખપુર રોડ પર સીતારામનગરમાં રહેતા જીગ્નેશ સવજીભાઈ માણીયા પાસેથી લાવ્યો હતો. ઉમરાળા પોલીસે કિરણ ધોળકીયા અને જીગ્નેશ માણીયા સામે BNS અને પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## રવિવારે બેંકો ખુલ્લી રહેતા ભાવનગરમાં ૧૫૦ કરોડથી વધુના ટ્રાન્ઝેક્શન થયા

**જોકે, નેશનલાઈઝ્ડ બેંક કર્મચારીઓની હડતાલ મોકૂફ રહેતા આજથી રાબેતા મુજબ બેંકોમાં કામકાજ શરુ**

ભાવનગર,તા.૨૮

ભાવનગર જિલ્લાના નેશનલાઈઝ્ડ બેંકના કર્મચારીઓ દ્વારા સપ્તાહના પાંચ દિવસનું વર્કિંગ કરવું, પી.એલ.આઈ.ની સમાનતા આપવી અને જૂની પેન્શન યોજના અમલી બનાવવી સહિતની પડતર માંગણીઓને લઈને આંદોલન ચલાવવામાં આવી રહ્યું હતું. માંગણીઓનો ઉકેલ ન આવતાં કર્મચારી મંડળ દ્વારા ૨૮, ૨૯ અને ૩૦ સપ્ટેમ્બર દરમિયાન સળંગ ત્રણ દિવસની હડતાલનું એલાન આપવામાં આવ્યું હતું.હડતાલ દરમિયાન ખાતેદારોને મુશ્કેલી ન પડે તે માટે રવિવારની રજા હોવા છતાં સરકારની સૂચના મુજબ ભાવનગર જિલ્લાની તમામ બેંકો શરૂરહી હતી. સામાન્ય દિવસોમાં જિલ્લાની ૯ બેંકોની ૨૦૦ બ્રાન્ચોમાં દૈનિક સરેરાશ રૂ. ૨૦૦ કરોડનું ટ્રાન્ઝેક્શન થતું હોય છે, જ્યારે રવિવારે બજારો બંધ હોવા છતાં રૂ. ૧૫૦ કરોડથી વધુના વ્યવહારો નોંધાયા હતા.

દરમિયાન, બેંક કર્મચારીઓના પડતર પ્રશ્નોના નિરાકરણ અર્થે એક ખાસ સમિતિની રચના કરવામાં આવતાં ૨૫૦૦થી વધુ કર્મચારીઓ જોડાય તેવી પ્રસ્તાવિત ત્રણ દિવસીય હડતાલ મોકૂફ રહેતા આજે બેંકો રાબેતા મુજબ કાર્યરત રહી હતી.